Adda247

## વિભાગ-2 ( વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર ) (પ્રશ્ન નં.101 થી 170)

### પ્રશ્ન નં.101 થી 130 (દરેકના 2 ગુણ)

**101** નીચે આપેલા કર્તા-કૃતિની યોગ્ય જોડ બનાવો.

(1) સાંજ સમે શામળિયો — (A) સુન્દરમ્
(2) પછે શામળિયોજી બોલિયા — (B) સ્નેહરશ્મિ
(3) હાઈકુ — (C) નરસિંહ મહેતા
(4) ગુર્જરીના ગૃહ કુંજે — (D) પ્રેમાનંદ

(A) 1-D, 2-C, 3-A, 4-B
(B) 1-C, 2-D, 3-A, 4-B
(C) 1-D, 2-A, 3-C, 4-B
(D) 1-C, 2-D, 3-B, 4-A

**102** નીચેના દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દોનું વર્ગીકરણ કરો

(1) ખળખળ (2) શાકબાક (3) ધબધબ (4) ખાણીપીણી (5) સનનન (6) કાનોકાન (7) નામઠામ (8) ફદફદ

(A) 1,3,5,8 - રવાનુકારી અને 2,4,6,7 દ્વિરુક્ત
(B) 1,2,4,8 - રવાનુકારી અને 3,5,6,7 દ્વિરુક્ત
(C) 2,4,5,7 - રવાનુકારી અને 1,3,6,8 દ્વિરુક્ત
(D) 2,4,6,8 - રવાનુકારી અને 1,3,5,7 દ્વિરુક્ત

**103** નીચેનામાંથી પદક્રમની દૃષ્ટિએ ક્યું વાક્ય સાચું છે ?

(A) મારા વડવાઓ ગાયકવાડીના ભાઈબંધના અસલ વતની હતા.
(B) મારા ગાયકવાડીના વડવાઓ અસલ ભાઈબંધના વતની હતા.
(C) મારા ભાઈબંધના વડવાઓ અસલ ગાયકવાડીના વતની હતા.
(D) ભાઈબંધના વડવાઓ મારા ગાયકવાડીના અસલ વતની હતા.

**104** નીચેનામાંથી ક્યા વાક્યમા વિભક્તિ પ્રત્યય ખોટો વપરાયો નથી ?

(A) આધેડ ઉમરની, બાળવયમા વિધવા થતા આ ક્ષેત્રમાં પડેલી મેરૂને આશ્વાસન આપ્યુ.
(B) આધેડ ઉમરથી, બાળવયની વિધવા થતા આ ક્ષેત્રમા પડેલી મેરૂને આશ્વાસન આપ્યુ.
(C) આધેડ ઉમરમા, બાળવયથી વિધવા થતા આ ક્ષેત્રમા પડેલી મેરૂને આશ્વાસન આપ્યુ.
(D) આધેડ ઉમરે, બાળવયથી વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી મેરૂને આશ્વાસન આપ્યું.

**105** નીચેનામાંથી ક્યું વાક્ય સંકુલ વાક્ય નથી તે જણાવો.

(A) લોકોએ અરુણિમાને પાગલ ગણી કારણ કે પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ અશક્ય ગણાય.
(B) મંગુને કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે રાખવી જોઈએ.
(C) અરુણિમાએ હોસ્પિટલની પથારીમાં જ નક્કી કર્યું, 'હું પર્વતારોહણ કરીશ.'
(D) રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ભરાઈ જતું છતાં અમસ્તકાકી હરખપદૂડા થઈ જતા નહિ.

**106** નીચેના વાક્યો અને તેના પ્રકારની યોગ્ય જોડ બનાવો.

(1) તમારે સમયસર શાળાએ જવું જોઈએ — (A) પ્રશ્નાર્થ
(2) તમે સમયસર શાળાએ આવો — (B) વિધ્યર્થ
(3) આપણે રોજ શાળાએ જવાનું છે. — (C) આજ્ઞાર્થ
(4) તમે રોજ શાળાએ જશો ? — (D) નિર્દેશાર્થ

(A) 1-B, 2-C, 3-D, 4-A
(B) 1-C, 2-B, 3-D, 4-A
(C) 1-D, 2-C, 3-B, 4-A
(D) 1-B, 2-D, 3-C, 4-A

**107** નીચેની ખાલી જગ્યામાં યોગ્ય સર્વનામ મૂકો

1. ____ સારુ આ વાત અસહ્ય થઈ પડી
2. ____ ચોરી ન કરવાનો નિશ્ચય કર્યો
3. પિતાજી સામે ____ જીભ ન ઉપડે.
4. પિતાજી ____ મારશે તેવો ભય તો ન જ હતો

(A) મે (B) મુને (C) મારે (D) મારી

(A) 1-A, 2-C, 3-D, 4-B
(B) 1-B, 2-A, 3-C, 4-D
(C) 1-C, 2-B, 3-D, 4-A
(D) 1-C, 2-A, 3-D, 4-B

108 બલાઈની કાકી એકાંતમાં આંસુ સારતી અને બલાઈના સૂવાના ઓરડામાં જઈ નીચેનામાંથી શું કરતી ન હતી ?

(A) તેનાં તૂટેલાં જૂતાં રમાડતી.

(B) તેનાં જૂનાં રમકડાં રમાડતી.

(C) તેનો ફાટેલો રબરનો દડો રમાડતી.

(D) તેની જાનવરોની વાર્તાઓવાળી સચિત્ર ચોપડીઓ રમાડતી

109 'જેને જાગી ગયો તૂરિયાનો તાર રે' - કાવ્યપંક્તિમાંના 'તૂરિયાનો તાર' નો શો અર્થ થાય ?

(A) તૂરિ નામના તંતુવાદ્યનો તાર

(B) તૂરિયા નામના શાકનો તાર

(C) તૂરિયા નામની અદ્વૈત - ધ્યાનાવસ્થાનો તાર

(D) તૂરિયા નામની વીજળીનો તાર.

110 આપણા ભારત દેશની હોસ્પિટલોમાં ઢગલાબંધ દરદીઓ શા માટે બણબણતા રહે છે ? - આ બાબતે લેખક ગુણવંતભાઈ શાહ શું માને છે ?

(A) ડોક્ટરોની અછતને કારણે

(B) અસરકારક દવાની અછતને કારણે

(C) ગરીબી અને ગંદકીનાં બહેનપણાંને કારણે

(D) સરકારની બેદરકારીને કારણે

111 છત્રી ખોવાય નહી એ માટે લેખકને મળેલી સલાહોમાંથી કઈ સલાહનો લેખકે અમલ કર્યો ?

(A) તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો અને તેની સાથે છત્રી બાંધી રાખો.

(B) છત્રી સાચવવા તમારી સાથે ફરે એવો પગારદાર માણસ રાખો.

(C) તમે ચાતુર્માસ ઘરમાં જ રહો. એકટાણાં કરો અને પ્રભુભજન કરો.

(D) છત્રી ઉપર તમારું નામ-સરનામું લખાવો

112 'વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક' - કાવ્યપંક્તિમાંનો સૂર ભૌતિક રીતે નીચેનામાંથી શું નથી ?

(A) રાધાનો શ્વાસ

(B) માધવનો ઉચ્છ્વાસ

(C) માધવની હૂંફ

(D) વાંસળીના પોલાણમાંથી તીવ્ર આંદોલનો સાથે નીકળેલી હવા

113 'સાથે મારા મિત્રો, મહમદ અને રસિક હતા.' વાક્ય નીચેનામાંથી શું સૂચવે છે ?

(A) સ્થિતિ (B) ક્રિયા (C) પ્રક્રિયા (D) અવસ્થા

114 'ગતિભંગ' લઘુકથામાં ધૂળિયા રસ્તા ઉપર નજર ફેરવતી જતી ડુંગરની પત્ની શું શોધતી હતી ?

(A) એની ખોવાઈ ગયેલી વાળી

(B) એની ખોવાઈ ગયેલી બંગડી

(C) એની મૃત બબલીની સ્મૃતિ

(D) એની ખોવાઈ ગયેલી યુવાની

115 'ભૂખથીય ભૂંડી ભીખ છે.' એવું કાળુ શા માટે કહે છે ?

(A) તે માણસને લાચાર બનાવી દે છે.

(B) તે માણસનાં હાડમાંસ ગાળી નાખે છે.

(C) તે માણસના ગુમાન અને આત્માને ઓગાળી નાખે છે.

(D) તે માણસને આળસુ બનાવી દે છે.

116 ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રના અનુરાગી બન્યા એમાં નીચેનામાંથી કઈ બાબતનું ગાંધીજીને મન મહત્ત્વ ન હતું ?

(A) તેમની સ્મરણશક્તિનું.

(B) તેમના મોતીના ધીકતા ધંધાનું.

(C) તેમના બહોળા શાસ્ત્રજ્ઞાનનું.

(D) તેમના શુદ્ધચરિત્રનું.

Adda247

117 સિંહનું મૃત્યુ ગીર પ્રદેશના માણસોને દુઃખી કે ગમગીન કેમ બનાવી દે છે ?

(A) ગીરના લોકોમાં આ પ્રથા છે માટે.

(B) ગીરમાં હવે સિંહ બહુ રહ્યા નથી એટલે.

(C) અહીંના મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચે આત્મીયતા બંધાઈ ગઈ છે એટલે.

(D) અહીંના મનુષ્યો બહુ ઉદાર છે એટલે.

118 આથમતે અજવાળે રમઝુએ મૃત પત્નીની કબર પાસે બેસીને શરણાઈના સૂર છેડ્યા એમાં મિલન અને વિયોગના મિશ્ર ભાવો શા કારણે ગૂંથાયા ?

(A) ભૂપર મેરાઈની દીકરી ગવરીની પિયરમાંથી વિદાય અને પતિ સાથેનું મિલન એમાં કારણભૂત હતું.

(B) પોતાની દીકરી સકીનાની વિદાયનું સ્મરણ અને વિદેહી જીવનસંગીની સાથેના મિલનનો ઉત્સાહ એમાં કારણભૂત હતો.

(C) ગવરીની ગામમાંથી વિદાય અને હવે પોતાની મૃત દીકરી સકીના સાથે પોતાનું મિલન થશે તેવો ભાવ એમાં કારણભૂત હતો.

(D) દીકરી સકીનાની વિદાય અને ગવરીને જાણે સકીના માનીને જ હરખભેર ટોથો ભરીને આપેલા પૈસાનો હરખ એમાં કારણભૂત હતો.

119 ત્રીજા ભાગનું ભજન છાંડવા માટે થયેલા પચાસ યુરો દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ વિકાસ શર્મા અને મિત્રોએ શા કારણે લઈ લીધી ?

(A) પોતે હેમ્બર્ગના વૈભવશાળી રેસ્ટોરાંમાં જમ્યા હતા તેની યાદગીરી રાખવા માટે.

(B) એ ટિકિટની ફોટોસ્ટેટ નકલ પોતાના મુસાફરી ખર્ચના વાઉચરમાં સામેલ કરી પોતાની કંપની પાસેથી તે રકમ વસૂલ કરવા માટે.

(C) એ જમાનામાં મોબાઈલમાં ટિકિટનો ફોટો પાડવાની સગવડ ન હતી તેથી.

(D) એ ફોટોસ્ટેટ નકલ પોતાના ઓરડાની દીવાલ ઉપર ચોંટાડી, કોઈએ, ક્યારેય, કશાયનો બગાડ કરવો જોઈએ નહીં એ સતત યાદ રાખવા માટે.

120 'હાથ મેળવીએ' કાવ્યની પહેલી પંક્તિ, 'લાવો તમારો હાથ મેળવીએ' માં કોઈ વિરામચિહ્ન નથી, જ્યારે છેલ્લી પંક્તિમાં 'લાવો તમારો હાથ, મેળવીએ !' એમ હાથ પછી અલ્પવિરામ છે તે શું સૂચવે છે ?

(A) પહેલી પંક્તિમાં હસ્તધૂનનનો ઔપચારિક ભાવ છે જ્યારે છેલ્લીમાં હસ્તમેળાપ માટેની વિનંતી છે.

(B) પહેલી પંક્તિમાં અંગ્રેજી રીત પ્રમાણે હાથ મેળવવાની તથા છેલ્લીમાં ભારતીય રીત મુજબ હાથ મેળવવાની વાત સૂચવાઈ છે.

(C) છેલ્લી પંક્તિમાં કદાચ પ્રૂફરીડરથી ભૂલથી હાથ પછી અલ્પવિરામ મુકાઈ ગયુ હોય એમ બને.

(D) હાથ, પછી અલ્પવિરામ મૂકી કવિ છેલ્લે સૂચવે છે કે તમે હાથ આપો તો તમારી મદદથી, ટેકાથી, સામેલગીરીથી કશુંક મહત્વનું પ્રાપ્ત કરીએ

121 'નથી' વાર્તામાં, કાન્તિને કહેવાનું મન થયું હતું. 'આ કંચનમાસીને તું ઓળખતી નથી, રમા !' ત્યાં જ 'રમા, કાન્તિને એની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી.' તેવું વાક્ય સૂચવે છે કે -

(A) રમા કાન્તિને રમાની પોતાની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી.

(B) રમા કાન્તિને કાન્તિની પોતાની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી.

(C) રમા કાન્તિને પારવતીબેનની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી.

(D) રમા કાન્તિને કંચનમાસીની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી.

122 ટિફિન આવવાનું હતું છતાં અમથીમા કોને માટે રોટલા ઘડી રહી હતી ?

(A) કાળી કૂતરી અને ગોરી ગાય માટે

(B) તેમની દીકરી માટે

(C) મહેમાનો માટે

(D) તેમના પૌત્ર માટે



[CONTINUE ]

Adda247

123 ભાષામાં સમાસનું પ્રયોજન ...

(A) શબ્દ વ્યય અટકાવવા માટે છે.
(B) શબ્દ વિસ્તાર લાવવા માટે છે.
(C) શબ્દભંડોળ વધારવા માટે છે.
(D) શબ્દપ્રયોગ કરવા માટે છે.

124 નીચેનામાંથી ક્યું ઉદાહરણ ઉત્પ્રેક્ષા અલંકારનું નથી ?

(A) વર્ષાકાળે જલપિંજલના હોય જાણે તરંગ.
(B) એની પાતળી દેહલતા નાગણની જેમ જાણે ફૂંફાડા મારતી ઊભી થઈ ગઈ.
(C) ઊડે ધવલ ફેન શી વિખર કેશવાળી છટા.
(D) એની મૂછોના આંકડા જાણે અત્યંત ઝેરી વીંછીના વાળેલા બે લાલચટક ડંખ.

125 નીચેનામાંથી ક્યું ઉદાહરણ રૂપક અલંકારનું છે ?

(A) રજપૂતના મો પર આશાનાં કિરણ ફૂટવા લાગ્યાં.
(B) કારતક મહિનાની ટાઢને પણ, અરે, આજની સંધ્યાએ જાણે ફૂલ ગુલાબી બનાવી દીધી.
(C) કોકિલા થઈ કાળી, એ કામિનીનો કંઠ સાંભળી.
(D) મહારાજ ચંદ્રને નીરખતાં પોતાના ચંદ્રની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

126 નીચેના વાક્યોને વાર્તાના ક્રમ અનુસાર ગોઠવો.

(1) ડોસા હુક્કો એક બાજુ મૂકી ડોશી પાસે ગયા.
(2) ઘરના કામમાં જીવ પરોવવા ડોશીએ ઘણીએ મથામણ કરી, પણ જીવ ન ચોંટ્યો.
(3) મારે મન તો આ ગલુડિયાં જ.... હાંજ પડ્યે આપડુ ઘર હમજી પાસા તો આવે સે, ને પંડયનાં તો...
(4) સંધતાં-સંધતાં કેટલીયે વખત ઊભાં થઈ ડેલી પાસે જઈ પાછાં ફરતાં.

(A) 2, 1, 4, 3 (B) 2, 4, 1, 3 (C) 4, 3, 2, 1 (D) 4, 2, 1, 3

127 નીચેનામાંથી ક્યું વાક્ય ભાષાની રીતે સાચું છે ?

(A) આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી પીવાની ટેવ ભૂલી જ ગયા.
(B) આપઘાતના વિચારથી પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી પીવાની ટેવ ભૂલી જ ગયા.
(C) આપઘાતના વિચારમાં પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી પીવાની ટેવ ભૂલી જ ગયા.
(D) આપઘાતમાં વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બન્ને એઠી બીડી પીવાની ટેવ ભૂલી જ ગયા.

128 હું ને મોટો કીધો, મહારાજ, મને કેમ વીસરે રે ? - કાવ્યપંક્તિનો અર્થ સમજાવો.

(A) મહારાજે મને મોટો બનાવ્યો તે મને કેમ વીસરે રે એમ કહે છે.
(B) મને મોટો બનાવ્યો અને મહારાજનું સંબોધન કરીને કહે છે મને કેમ વીસરે રે ?
(C) મહારાજને કારણે હું સુખી થયો એમ કહે છે.
(D) મહારાજને કારણે હું પૈસાદાર થયો એમ કહે છે.

129 નીચે આપેલી વિરોધી કહેવતની યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| (1) અક્કરમીનો પડિયો કાણો | (A) બહુ ડાહ્યા બહુ ખરડાય |
| (2) આપ ભલા તો જગ ભલા | (B) દયા ડાકણને ખાય |
| (3) ચેતતો નર સદા સુખી | (C) ઝાઝી દાયરે વેતર વંઠે |
| (4) ઝાઝા હાથ રળિયામણા | (D) ભાગ્યશાળીને ભૂત રળે. |

(A) 1-D, 2-A, 3-B, 4-C
(B) 1-B, 2-A, 3-D, 4-C
(C) 1-D, 2-B, 3-A, 4-C
(D) 1-C, 2-D, 3-B, 4-A

130 'બીજા દિવસની સાંજે કાનાના મૃત્યુની જાહેરાત કરવામાં આવી.' - વાક્યની રચના ક્યા પ્રકારની ગણાય ?

(A) કર્તરિ (B) કર્મણિ (C) ભાવે (D) પ્રેરક

## પ્રશ્ન નં.131 થી 170 (દરેકના 1 ગુણ)

131 વાચન માટે આવશ્યક છે...

(A) વર્ણમાલા, ઉચ્ચારણ શુધ્ધિ, શબ્દ વંચાવવા

(B) ઉચ્ચારણ શુધ્ધિ, ગતિ, વિરામ ચિહ્નો, આરોહ-અવરોહ, ભાવ, આત્મવિશ્વાસ

(C) વર્ણમાલા વંચાવવી, શબ્દ શીખડવા, વિરામ ચિહ્નનુ જ્ઞાન

(D) શબ્દ વંચાવવા, અક્ષરો લખવવા, વાક્ય વંચાવવા

132 ગુજરાતી વિષયના શિક્ષકોને જ્ઞાન હોવુ જોઈએ...

(1) ભાષા તત્ત્વોનુ જ્ઞાન (2) સાહિત્યનુ જ્ઞાન (3) વિષયમાં રૂચિ (4) 1, 2 અને 3

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 અને 1 (D) 4

133 ભાષા શિક્ષકે પોતાના વર્ગમાં વિદ્યાર્થીઓને રામાયણના વિવિધ પ્રસંગો વિશે જાણકારી આપી. રામના આદર્શોની જાણકારી આપી. શિક્ષકના આ પ્રયત્નથી વિદ્યાર્થીઓમાં ક્યો ગુણ વિકસશે ?

(A) કલ્પનાશક્તિ (B) નૈતિકતા (C) સાહિત્ય પ્રેમ (D) આ પૈકી કોઈ નહિ

134 ભાષા શિક્ષણની સાથે શાળાના વાતાવરણ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કરનાર કોણ હતા ?

(A) ગાંધીજી (B) રાયબર્ન (C) મધર ટેરેસા (D) આ પૈકી કોઈ નહીં

135 'તેણે <u>માથાબુડ</u> પાણીમાં જવાની હિંમત કરી.' - વાક્યમાં રેખાંકિત શબ્દનો સમાસ ઓળખાવો

(A) ઉપપદ સમાસ (B) કર્મધારય સમાસ (C) તત્પુરુષ સમાસ (D) મધ્યમપદલોપી સમાસ

136 'કવિ ખબરદાર' ક્યા રાસની વાત કરે છે ?

(A) દાંડિયા રાસની (B) સત્ય, અહિંસાના રાસની

(C) દાંડિયા અને લકુટા રાસની (D) સ્નેહ, શૌર્ય, સત્યના રાસની

137 વારસાગત શીર્ષક કેમ યોગ્ય છે ?

(A) ધનદોલતની જેમ કેટલાક ગુણ, સંસ્કાર પણ વારસામાં મળે છે. જે પુત્રમાં દેખાય છે માટે.

(B) પિતાની અંતિમ ઈચ્છા પુત્રએ પૂરી કરી પુત્રધર્મ નિભાવ્યો એટલે.

(C) પિતાએ વારસામાં ખેતરની યોગ્ય વહેંચણી કરી આપી એટલે.

(D) પિતાએ વારસામાં આપેલી ચીજવસ્તુઓનું પ્રેમપૂર્વક જતન કર્યુ એટલે.

138 નીચેનામાંથી ક્યા વાક્યમાં અનુગ ક્રિયાની રીત બતાવતા નથી.

(A) સ્હાવજ બેદરકારીથી પુલ માથે હાલ્યો જાતો' તો.

(B) સવારે સિંહના નશ્વર દેહને અવલ મંઝિલે પહોંચાડાયો.

(C) સમરાંગણ તમને તો શોભે હો શ્યામ, વગર હથિયારે ત્યાં જ તમે ફાવશો !

(D) મગને ધ્રૂજતે હાથે સહી કરી.

139 નીચેનામાંથી ક્યું વિશેષણ અવિકારી નથી.

(A) મહેનતું (B) તદ્દન (C) મૂર્ખ (D) અજાણ્યું

140 નીચે આપેલા વાક્યમાં વપરાયેલા સંયોજકનો પ્રકાર ઓળખાવો.

- એકદમ સાદું છતાંય સગડવાળું ઘર હતું.

(A) દૃષ્ટાંતવાચક સંયોજક (B) સમુચ્ચયવાચક સંયોજક

(C) વિરોધવાચક સંયોજક (D) અવતરણવાચક સંયોજક

141 હાઈકુની ત્રણ પંક્તિઓમાં અક્ષરનું બંધારણ કેવું હોય છે ?

(A) 7 + 5 + 7 = 19 (B) 7 + 7 + 7 = 21 (C) 5 + 7 + 5 = 17 (D) 5 + 5 + 5 = 15

142 'પછી દારિદ્ર ખોવા દાસનું, <u>સોમદૃષ્ટિ</u> શ્યામે કરી.' - વાક્યમાં રેખાંકિત શબ્દ ક્યો સમાસ છે ?

(A) દ્વન્દ્વ સમાસ (B) ઉપપદ સમાસ (C) કર્મધારય સમાસ (D) તત્પુરુષ સમાસ

**143** નીચે પૈકી ક્યુ માઈક્રો ટીચીંગનું સોપાન નથી ?

(A) સૂક્ષ્મ પાઠનુ આયોજન (B) શિક્ષણ (C) પુન: આયોજન (D) નિરીક્ષણ

**144** શિક્ષણકાર્યની શરૂઆત કરતા પહેલા શિક્ષકે નીચે પૈકી ક્યા કૌશલ્યનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) ક.પા.કૌશલ્ય (B) પ્રશ્ન પ્રવાહિતા (C) ઉદાહરણ (D) વિષયાભિમુખ

**145** વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસતા સમયે નીચે પૈકી કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય નહીં ?

(A) ઉદાહરણ (B) મૂલ્યાંકન (C) નિદર્શન (D) ભૂમિકા નિર્માણ

**146** કોઈપણ નવી સંકલ્પના, નિયમ, અમૂર્ત ખ્યાલ કે વ્યાખ્યાની સમજૂતી આપવા શિક્ષક ક્યા કૌશલ્યનો ઉપયોગ કરે છે ?

(A) ક.પા.કૌશલ્ય (B) પ્રશ્ન પ્રવાહિતા (C) ઉદાહરણ (D) પ્રશ્નઉંડાણ

**147** પૂર્ણ પાઠ અને સિમ્યુલેશનમાં નીચેની બાબતો પૈકી કઈ બાબત સંદર્ભે તફાવત છે ?

(A) આયોજન (B) પૂર્વ તૈયારી (C) સમયનો (D) ક.પા. નોંધ

**148** નીચે આપેલ માઈક્રોટીચીંગના તબક્કાઓને યોગ્ય ક્રમમાં ગોઠવો.

1. પુન: આયોજનનો તબક્કો 2. પુન: શિક્ષણનો તબક્કો
3. પ્રતિપોષણનો તબક્કો 4. શિક્ષણનો તબક્કો 5. પુન: પ્રતિપોષણનો તબક્કો

(A) 4, 3, 2, 1, 5 (B) 2, 4, 5, 3, 1 (C) 4, 3, 1, 2, 5 (D) 4, 3, 1, 5, 2

**149** કોઈક વાસ્તવિક વસ્તુ, ઘટના કે પરિસ્થિતિ અથવા પ્રક્રિયાનું અનુકરણ એટલે.....

(A) માઈક્રોલેશન (B) નિદર્શન પાઠ (C) સિમ્યુલેશન (D) મેક્રોલેશન

**150** વિવિધ કૌશલ્ય પ્રાપ્તિ માટે પ્રશિક્ષણાર્થીએ એક પછી એક કૌશલ્ય હસ્તગત કરવાનાં હોય છે.

(A) સૂક્ષ્મ શિક્ષણમાં (B) હેતુકેન્દ્રી પાઠમાં (C) સેતુ પાઠમાં (D) સિમ્યુલેશનમાં

**151** મેકોલેએ ભાષાશિક્ષણ માટે નીચેનામાંથી ક્યા તથ્યને સ્વીકાર્યું છે ?

(A) માત્ર બોલચાલની - વ્યવહારુ ભાષાને (B) બોલતાં પહેલાં વ્યાકરણની જાણકારીને
(C) પ્રથમ ભાષા અને પછી વ્યાકરણ શિખનાર જ વિદ્વાન બની શકે. (D) આમાંથી એકપણ નહિ.

**152** ભાષા શિક્ષણની શરૂઆત શાનાથી થાય છે ?

(A) સ્વર (B) ક્રિયા (C) વ્યવહાર (D) વાચન

**153** વ્યાકરણ શિક્ષણની શરૂઆત શાના દ્વારા થવી જોઈએ ?

(A) અક્ષર દ્વારા (B) વાક્ય દ્વારા (C) શબ્દ દ્વારા (D) વર્ણમાલા દ્વારા

**154** ભાષા શિક્ષણનો સૌથી મહત્ત્વપૂર્ણ ગુણ કયો હોવો જોઈએ ?

(A) વિદ્યાર્થીઓમાં રૂચિ (B) સમાજમાં રૂચિ (C) શુદ્ધ ઉચ્ચારણ (D) વ્યાકરણનુ જ્ઞાન

**155** કોઈપણ ભાષા શીખવાનો મૂળ આધાર કયો છે ?

(A) શ્રવણ (B) કથન (C) વાચન (D) લેખન

**156** ભાષાના મુખ્ય કૌશલ્ય છે ...

(1) શ્રવણ અને કથન (2) વાચન (3) લેખન (4) શ્રવણ, કથન, વાચન અને લેખન

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 4 (D) માત્ર 3

**157** ભાષા કૌશલ્યના સાચા ક્રમ કયા છે ?

(A) શ્રવણ, કથન, વાચન, લેખન (B) લેખન, વાચન, શ્રવણ, કથન
(C) શ્રવણ, વાચન, લેખન, કથન (D) વાચન, શ્રવણ, લેખન, કથન

**158** વર્તમાનપત્રોના કટીંગ, વ્યક્તિ વિશેષ પરિચય વગેરે જેવી માહિતીપ્રદ બાબતો પ્રદર્શિત કરવા માટે શું ઉપયોગી છે ?

(A) બ્લેકબોર્ડ (B) ગ્રીન બોર્ડ (C) બુલેટીન બોર્ડ (D) આ પૈકી કોઈ નહિ

Adda247

| | |
|---|---|
| 159 | 'ઉચાપત' શબ્દ માટે યોગ્ય શબ્દ સમૂહ પસંદ કરો<br>(A) બેચેની અનુભવવી (B) ખોટી રીતે પડાવી લેવું (C) ઉપયોગ વિનાની વસ્તુ (D) એકલાપણ અનુભવવી |
| 160 | "મંગુને ખોટાં લાડ લડાવીને તે જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરને ય ઝાડો પેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન આવે છે, ..." - દીકરી આ વાક્ય મંગુ કાકીને કેમ કહે છે ?<br>(A) બહેનને મંગુની ઈર્ષા આવે છે એટલે (B) બહેનને મંગુ વધારાની પડે છે એટલે<br>(C) બહેનને મંગુ પ્રત્યે ઘૃણા છે એટલે (D) બહેનને મંગુની ચિંતા છે એટલે |
| 161 | 'નાદ' નો નીચેનામાંથી ક્યો પર્યાય યોગ્ય નથી ?<br>(A) અવાજ (B) ઘોઘાટ (C) રવ (D) ઘોષ |
| 162 | 'ઊગવું' શબ્દનો નીચેના શબ્દોમાંથી ક્યો શબ્દ વિરુદ્ધાર્થી અર્થ દર્શાવે છે ?<br>(A) આથમવું (B) કરમાવું (C) વાવવું (D) નીંદવું |
| 163 | નીચે આપેલ વાક્યોમાં જે રેખાંકિત પદો છે તેમાં 'એ' વિભક્તિ પ્રત્યય વપરાયો છે. તે પૈકી ક્યો વિકલ્પ કર્તા વિભક્તિ દર્શાવે છે ?<br>1. <u>સુધાએ</u> માલતીને ફૂલ આપ્યું. 2. અશોક <u>જમણા હાથે</u> જમે છે. 3. સુધા <u>ખેતરે</u> ઊભી છે.<br>(A) માત્ર 1 (B) માત્ર 3 (C) 1 અને 2 (D) 2 અને 3 |
| 164 | મિથ્યા + અભિમાની = મિથ્યાભિમાની : નિર્ + અભિમાની = ___<br>(A) નિર્ અભિમાની (B) નિરુભિમાની (C) નિરાભિમાની (D) નિરભિમાની |
| 165 | હૃદયરોગનો હુમલો નથાય એ માટે માણસે શું કરવું જોઈએ ?<br>(A) પોટલાની જેમ આખો દિવસ ખુરશીમાં બેસી રહેવું જોઈએ<br>(B) ગમે તે સમયે, ગમે તેવું અને ગમે તેટલું ખાવું જોઈએ<br>(C) આખા ગામની ઉપાધિ માથે લઈને ફરવું જોઈએ<br>(D) ચિંતામુક્ત રહી નિયમિત કસરત કરી મિતાહારી બનવું જોઈએ |
| 166 | 'મારા સાંનિધ્યમાં કોઈપણ છત્રી એટલી બધી ચંચળ બની જાય છે કે મારો ત્યાગ કરતાં એને સહેજે વાર લાગતી નથી.' - વાક્યમાં ક્રિયાવિશેષણ ક્યું છે ?<br>(A) કોઈપણ (B) સહેજે (C) ત્યાગ કરતાં (D) ચંચળ |
| 167 | 'ઘી કેળાં હોવાં' એ રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) ઘીમાં નાખેલાં કેળાં હોવાં (B) ઘી અલગ અને કેળાં અલગ હોવાં<br>(C) પૈસાદાર અથવા માલામાલ હોવું (D) ઘી જેવાં કેળાં હોવાં |
| 168 | 'ક્યાંથે ગોયલો ઓહે તે ખબર ની' વાક્ય માન્ય ગુજરાતીમાં નીચેનામાંથી કઈ રીતે લખાય ?<br>(A) ક્યાંથે ગોયલો છે તે ખબર નહી (B) ક્યાંથે ગોયલો છે ને ખબર નથી<br>(C) ગોયો ક્યાં છે તે ખબર નથી (D) ક્યાં ગયો છે તે ખબર નથી |
| 169 | 'ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં' - વાક્યમાં વપરાયેલા વિશેષણનો પ્રકાર ક્યો છે ?<br>(A) સંબંધવાચક (B) સંખ્યાવાચક (C) ગુણવાચક (D) ક્રમવાચક |
| 170 | નીચેની કાવ્યપંક્તિમાં ખાલી જગ્યામાં નીચેનામાંથી ક્યો યોગ્ય શબ્દ મૂકશો ?<br>અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના ___ સુધી.<br>(A) ધન (B) તન (C) મન (D) ગગન |

[CONTINUE